EDII

Divyabhaskar

February 19, 2018
(Businessbhaskar)
Page No.4

દિવ્ય ભાસ્કર | બિઝનેસ ભાસ્કર

ઈન્ડસ્ટ્રી

### 1966માં હરિયાળી ક્રાંતિની શરૂઆત પછી અત્યાર સુધીમાં 13 મોટા દુષ્કાળો પડ્યા છે

# ખેડૂત ઉત્પાદક કંપનીઓ: નાના, સીમાંત ખેડૂતો માટે આશાનું કિરણ

સ્ટાર્ટઅપ ટોક

સંદીપ રાવત

ભારતમાં ખેડૂતોની માલિકીની સરેરાશ જમીનનાં વિસ્તારમાં સતત ઘટાડો થઈ રહ્યો છે એટલે ઈતિહાસનાં કોઈ યુગ કે સમય કરતાં અત્યારે વર્તમાન તબક્કામાં સામુદાયિક ખેડૂત સંસ્થાઓની જરૂરિયાત સૌથી વધારે છે. ઉત્પાદક કંપનીઓ ખેડૂતોની ચિંતામાં ઘટાડો કરવામાં મદદરૂપ થઈ શકે છે અને મુખ્ય ઉત્પાદકો, ખાસ કરીને નાનાં ખેડૂતોને વધારે લાભદાયક રીતે વ્યવસાય કરવાની તક આપી શકે છે. બજારની હાલની સ્થિતિ અને પર્યાવરણ સાથે સંબંધિત સ્થિતિમાં નાનાં ખેડૂતો વધારે જોખમ ધરાવે છે.

ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ને પ્રોત્સાહન આપવા માટે બજેટ 2017-18માં ઓપરેશન ગ્રીન્સની જાહેરાત સૂચવે છે કે સરકાર ખેડૂતોના વિકાસ પર અને તેમની આવક બમણી કરવાનો હેતુ સિદ્ધ કરવા માટે કામ કરી રહી છે. સરકારે આ હેતુ માટે રૂ. 500 કરોડની ફાળવણી કરી છે. સરકાર ક્લસ્ટર્સમાં ઓર્ગેનિક ખેતી કરવા માટે એફપીઓને પ્રોત્સાહન આપીને મોટાપાયે ઓર્ગેનિક ખેતીને આગળ ધપાવશે. આ બજેટમાં ખેતીની લણણી પછીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે એફપીઓને કરવેરા રાહતો પણ આપવામાં આવી છે.

ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ને પ્રોત્સાહન આપવા માટે બજેટ 2017-18માં ઓપરેશન



ગ્રીન્સની જાહેરાત સૂચવે છે કે સરકાર ખેડૂતોના વિકાસ પર અને તેમની આવક બમણી કરવાનો હેતુ સિદ્ધ કરવા માટે કામ કરી રહી છે. સરકારે આ હેતુ માટે રૂ. 500 કરોડની ફાળવણી કરી છે. સરકાર ક્લસ્ટર્સમાં ઓર્ગેનિક ખેતી કરવા માટે એફપીઓને પ્રોત્સાહન આપીને મોટાપાયે ઓર્ગેનિક ખેતીને આગળ ધપાવશે. આ બજેટમાં ખેતીની લણણી પછીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે એફપીઓને કરવેરા રાહતો પણ આપવામાં આવી છે.

ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ને પ્રોત્સાહન આપવા માટે બજેટ 2017-18માં 'ઓપરેશન ગ્રીન્સ'ની જાહેરાત સૂચવે છે કે સરકાર ખેડૂતોના વિકાસ પર અને તેમની આવક બમણી કરવાનો હેતુ સિદ્ધ કરવા માટે કામ કરી રહી છે. સરકારે આ હેતુ માટે રૂ. 500 કરોડની ફાળવણી કરી છે. સરકાર ક્લસ્ટર્સમાં ઓર્ગેનિક ખેતી કરવા માટે એફપીઓને પ્રોત્સાહન આપીને મોટાપાયે ઓર્ગેનિક ખેતીને આગળ ધપાવશે. આ બજેટમાં ખેતીની લણણી પછીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન માટે એફપીઓને કરવેરા રાહતો પણ આપવામાં આવી છે.

ભારતીય કૃષિ ક્ષેત્રનું બારીક વિશ્લેષણ દર્શાવે છે કે ભારતમાં લઘુ અને સીમાંત ખેડૂતો બહુમતીમાં છે, જેમની પાસે કુટુંબદીઠ 2 હેક્ટરથી ઓછી જમીન છે. આજે પણ મોટા ભાગનાં ભારતીય ખેડૂતો આજીવિકા મેળવવા માટે કૃષિ પર નિર્ભર છે. વર્ષ 2010-11માં લઘુ અને સીમાંત ખેડૂતો સંયુક્તપણે દેશની કુલ ખેતીલાયક જમીનમાં 85 ટકા હિસ્સો ધરાવતાં હતાં. કૃષિ મંત્રાલયનાં વર્ષ 2013નાં અહેવાલ મુજબ, દેશની 50 ટકાથી વધારે વસતિ કૃષિ અને તેની સાથે સંબંધિત આનુષંગિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલ છે તેમજ કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં તેમનું પ્રદાન આશરે 20 ટકા છે, જે તેમાં સંકળાયેલી વસતિની સરખામણીમાં નોંધપાત્ર રીતે ઓછું છે.

અનાજની ખાધ ધરાવતા દેશમાંથી સ્વનિર્ભર બનવાની તથા હવે મુખ્ય પાકોનાં નિકાસકાર દેશ બનવાની સફર ભારતને આઝાદી મળ્યાં પછી અત્યાર સુધી કૃષિ ક્ષેત્રને સફળતા મળી હોવાનું દર્શાવે છે. જ્યારે દેશનાં ઘણાં વિસ્તારોમાં મધ્યમ દુષ્કાળો આજે પણ કૃષિ ક્ષેત્રમાં સમસ્યાનું મુખ્ય કારણ છે, ત્યારે સંશોધનો દર્શાવે છે કે સમયની સાથે દુષ્કાળોની અસર અને તેની અસર બંનેમાં ઘટાડો થયો છે. ભારતે વર્ષ 1966માં હરિયાળી ક્રાંતિની શરૂઆત કરી હતી. પછી અત્યાર સુધી દેશમાં 13 મોટાં દુષ્કાળો પડ્યાં છે.

## નાનાં અને સીમાંત ખેડૂતોની સમસ્યાઓ

જ્યારે આપણે સફળ વાવેતર માટે વરસાદ પર નિર્ભર રહેવાને બદલે તબક્કાવાર રીતે સિંચાઈ વ્યવસ્થા અપનાવવા તરફ આગેકૂચ કરી રહ્યાં છીએ, ત્યારે ખેડૂતો માટે અન્ય માળખાગત પડકારો છે. તેનાં પરિણામે ખેડૂતો અને બજાર વચ્ચે અવરોધ ઊભો થયો છે. ખેડૂતોની વૃદ્ધિ અને બજારની વ્યવહારિકતા માટે કેટલીક અવરોધરૂપ મર્યાદાઓ છે, જેમ કે બજારનું નબળું માળખું, ઔપચારિક માધ્યમો પાસેથી ધિરાણની અનુપલબ્ધતા, બજારની ઓછી સુલભતા અને અપૂરતી માહિતી, માહિતીની વિષમતા, પરિબળ અને ઉત્પાદન બજાર વચ્ચે આંતરસંબંધ, ભાવ-તાલ કરવાની ઓછી ક્ષમતા અને પોતાનાં ઉત્પાદનનાં ભાવ જાળવી રાખવાની ક્ષમતા, ખેતીવાડી માટે આંતરિક સાધનસામગ્રીનો ઊંચો ખર્ચ તથા ખરીદ અને વેચાણ સમયે મોટો ફરક હોવાથી ઊપજમાં ઓછું વળતર તેમજ બજારમાં વિવિધ સ્વરૂપ ધરાવતી ખાનગી સંસ્થાઓ વચ્ચે સ્પર્ધા છે.

(લેખક:ઈડીઆઈઆઈના આસિસ્ટન્ટ ફેકલ્ટી છે)
(sandeep@ediindia.org)